@ગાંધીનગર

● સચિવાલય ખાતે સવારે ૧૦.૦૦ કલાકે મંત્રી મંડળની બેઠક યોજાશે.

## ગુરૂની આજ્ઞામાં પરમાત્માની આજ્ઞા સમાયેલી છે : નરરત્ન સુરીશ્વરી મહારાજ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર ખાતે ચતુર્માસ પ્રસંગે પધારેલ પૂજય આચાર્ય ભગવંત શ્રી નરરત્ન સુરીશ્વરજી મ. સાહેબે જણાવ્યું કે નાના બાળકને પોતાની જાતની સુરક્ષા માટે જે રીતે સતત મા બાપની છત્ર છાયા હેઠળ રહેવું એ બાળકના હિતમાં હોય છે એજ રીતે મોહના નિમિત્તોથી બચવા માટે આત્માને પરમાત્માની દેવની પરાધિનતામાં જીવવું એમાં જ એની સુરક્ષા હોય છે એવા ભાવથી પરમાત્માના શરણનો અંગીકાર કરવો, પરમાત્માના પ્રતિનિધિ એવા ગુરુ તત્ત્વનું શરણ સ્વીકારો, દેવગુરુ અને ધર્મીકૃપા તમને જ આ સંસારમાં તારી શકે તેમ છે. જીવનની પ્રત્યેક ક્ષણોમાં તમારા આત્માને કેન્દ્રમાં રાખીને જીવન જીવજો અને આત્માને પવિત્ર રાખવા માટે પરમાત્માની આજ્ઞાને જીવનના માર્ગદર્શક તરીકે કેન્દ્રમાં રાખજો, હૃદયમાં આત્માને જ લક્ષમાં રાખીને જીવન જીવજો અને તેમાં માર્ગદર્શક તરીકે પરમાત્માને કેન્દ્રમાં રાખજો. ગુરુની આજ્ઞામાં પરમાત્માની આજ્ઞા સમાયેલી છે એમ શાસ્ત્રકાર ભગવંતો કહે છે. માટે ગુરુ આજ્ઞા શિરોમાન્ય ગણજો. પરમાત્માની આજ્ઞાને કેન્દ્રમાં રાખી ગુરુ પ્રત્યે વફાદાર રહી આત્માને લક્ષમાં રાખી ધર્મ આરાધના કરવા તમારા આત્માને મોક્ષ મળે એવી શુભેચ્છા પાઠવી હતી.

# સે-૪માં ઝુંપડાઓ પર તંત્રનું જેસીબી

## મોટાભાગના ઝુંપડાધારકોને ત્યાં ફોર વ્હીલર જોવા મળ્યા : એક પાકા ઝુંપડામાં તો શાહી બાથ ટબ પણ હતું...! ત્રણ માળના મકાનના માલિકે બહારની બાજુ મોટો વાડો બનાવી દીધો હતો

ગાંધીનગર, તા.૧૯

શહેરમાં કાચા અને પાકા બંને પ્રકારના દબાણોએ માઝા મુકી છે. જેને તોડી પાડવા તંત્ર એકટીવ મોડ પર છે. આજે સવારથી સેકટર-૪માં તંત્રએ સાપટો બોલાવી જેસીબી ફેરવ્યા હતા. ૨૩ ઝુંપડાઓ તોડી પાડવામાં આવ્યા તે કામગીરી દરમિયાન કેટલીક ચોંકાવનારી બાબતો ધ્યાને આવી હતી. મોટા ભાગના ઝુંપડાધારકોને ત્યાં ફોર વ્હીલર જોવા મળ્યા હતા. તે ઉપરાંત એક પાકા ઝુંપડામાંથી તો શાહી બાથ ટબ જોવા મળ્યું હતુ. કરોડોની સરકારી જમીન પર કબ્જો કરી ગંદકી ફેલાવતા ઝુંપડાવાસીઓની ફરિયાદોને પગલે આ ઝુંબેશને વધુ તેજ બનાવી છે.

મનપા કમિશનરના કડક આદેશને પગલે દબાણ શાખાનો ચાર્જ સંભાળનાર ફાયર ઓફીસર મહેશ મોડે સપાટો બોલાવી ૨૫ થી ૩૦ટકા ઝુંપડાનો સફાયો કરી નાંખ્યો છે. ટીમની આ કડક કામગીરીની ચારેય તરફ પ્રશંસા થઈ રહી છે ત્યારે આજે સવારે સે-૪ શનિદેવ મંદિર આસપાસના કાચા-પાકા દબાણયુકત ઝુંપડાઓ પર જેસીબી ફેરવવામાં આવ્યું હતું. કાચા-પાકા ૨૩ ઝુંપડાઓ પર જેસીબી ફેરવી ફરી દબાણ ઉભું ન કરવા કડક સુચનાઓ આપી દેવામાં આવી છે. તંત્રએ જયારે આ ઝુંપડાઓ હટાવવાની કામગીરી શરૂ કરી ત્યારે કેટલીક આશ્ચર્યજનક બાબતો ધ્યાને આવી હતી. ઝુંપડામાં રહેતો આશરે ૧૮ વર્ષીય યુવાન મોંઘોદાટ એન્ડ્રોઈડ મોબાઈલ લઈને ફરતો હતો અને કાનમાં બ્લ્યુટુથ ભરાવેલું હતું...! મોટા ભાગના ઝુંપડાવાસીઓને ત્યાં ફોર વ્હીલ રાત્રે પાર્ક થયેલી હોય છે અને આજે બપોરે પણ કેટલાકના ઝુંપડા બહાર ફોર વ્હીલ હતી. એક વાડાનું દબાણ એવું હતું જેના માલિક ત્રણ માળના તોતીંગ મકાનના માલિક હતા. ઘરની બહાર મોટો વાડો બનાવીને મુકી દેનાર આ લાખોપતી મકાનમાલિકે દબાણ ઉભા કર્યા હોવાનું ધ્યાને આવ્યું હતું. નવાઈ લગાડે તેવી બાબત તો એ હતી કે એક કાચા મકાનમાં જેસીબી ફેરવ્યુ ત્યારે તેમાંથી બાથ ટબ જોવા મળ્યું હતું. ફોર સ્ટાર-ફાઈવ સ્ટાર હોટલોમાં જે બાથ ટબ હોય છે તે આ ઝુંપડામાં જોવા મળ્યા હતા...!







અષાઢ સુદ પૂર્ણિમા એટલે વ્યાસપૂજનનો દિવસ. ભારતીય સંસ્કૃતિમાં વેદવ્યાસના ગીતા અને વેદાંતના સુત્રો ઉપર શંકરાચાર્યજીએ શાંકરભાષ્ય, રામનુજાચાર્યએ શ્રી ભાષ્ય, રામાનંદાચાર્યએ આનંદભાષ્ય, વલ્લભાચાર્યએ અણુભાષ્ય, શ્રી મધ્વચાર્ય ચૈતન્યમહાપ્રભુજી અને અન્ય આચાર્યોએ જે ભાષ્યોનું સર્જન કર્યુ છે તે વેદવ્યાસના સિધ્ધાંત પર આધારિત છે એટલે વેદવ્યાસ વિશ્વ ગુરૂ છે એમ ધર્માચાર્ય પૂ. ફૂલશંકર શાસ્ત્રીએ વેદવ્યાસ પૂજન પ્રસંગે ભાવિકોને સંબોધતા જણાવ્યું હતું. આજે પંચદેવ મંદિરે ગુરૂપૂર્ણિમા નિમિત્તે વિશ્વગુરૂ વેદવ્યાસનું પૂજન કરાયું હતું. વેદ મંત્રોચ્ચાર અને આરતી સાથે ગુરૂપૂર્ણિમાની ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

ગાંધીનગર સમાચાર સાથે વાતચીત કરતા પૂ. શાસ્ત્રીજીએ જણાવ્યું હતુ કે ઉપનિષદો, મહાભારત અને ગીતાના વેદાંત સૂત્રો આપનાર અને અઢાર પુરાણોના રચયિતા વેદવ્યાસજી વિસરાઈ રહ્યા છે તે કમનસીબ છે.

## ગાંધીનગર આરટીઓ કચેરી ચાર દિવસ બંધ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર આરટીઓ કચેરીમાં સોફટવેર ડેવલોપમેન્ટને કારણે કચેરી આજથી રવિવાર દરમિયાન ચાર દિવસ બંધ રહેશે અને સોમવારે રાબેદા મુજબ શરૂ થશે.

ગાંધીનગરમાં શહેરમાં આવેલી જિલ્લા આરટીઓ કચેરીમાં છેલ્લા ઘણા સમયથી સોફટવેર સિસ્ટમમાં વારંવાર ખામી સર્જાતા અનેક સમસ્યા ઉભી થઈ હતી જેને લઈ આર.સી. બુક અને લાયસન્સના સ્માર્ટ કાર્ડ કાઢવામાં અરજદારોએ લાંબી રાહ જોવી પડી હતી. બીજી તરફ અરજદારોની અરજીઓનો પણ કચેરીમાં ભરાવો થયો હતો. આ વારંવારની સમસ્યાને નિવારવા માટે ગાંધીનગર આર.ટી.ઓ કચેરીમાં આવતીકાલ તા. ૨૧ અને ૨૨ સોફટવેર ડેવલોપમેન્ટની કામગીરી હાથ ધરવામાં આવશે જયારે શનિ અને રવિવારની રજાને પગલે તા. ૨૧ થી ૨૪ દરમિયાન કચેરી સંપૂર્ણ બંધ રહેશે. આથી વાહનોનું રજીસ્ટ્રેશન કે અન્ય કામકાજ માટે કચેરીમાં આવતા સંખ્યાબંધ અરજદારોએ ચાર દિવસ રાહ જોવી પડશે જયારે સોમવારે રાબેદા મુજબ આરટીઓ કચેરી શરૂ થશે.

### વાતવાતમાં

● ઘ-૬ પાસે પથિકાશ્રમથી ઉનાવા જતી વિટકોસની બસ ટેકનીકલ ખામી સર્જાતા બંધ થઈ ગઈ જેના પગલે બસમાંથી મુસાફરોને નીચે ઉતારવામાં આવ્યા હતા. મુસાફરો અન્ય વાહનમાં અથવા થોડો સમય રાહ જોયા બાદ વિટકોસની બસમાં બેસીને રવાના થયા હતા.

● જુના સચિવાલયથી ચ-૩ તરફ જવાના માર્ગ પર વાન અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બંને વાહનોને નુકશાન પહોંચ્યુ હતું. બનાવના પગલે બંને વાહનચાલકો થોડી રકઝક બાદ સમાધાનની વાતચીત કરતા નજરે પડયા હતા.

● મયુર ઓટોમોબાઈલ્સ ખાતે ગુરૂ પૂર્ણિમાના પર્વ નિમિત્તે મોડી સાંજે ભવ્ય આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભાવિકોએ ભાગ લીધો હતો.

● વહેલી સવારે પથિકાશ્રમ નજીક એક મારૂતિવાન સળગી ઉઠી હતી જયારે દિવસના સમયે એક અન્ય મારૂતિવાનનું ટાયર ફાટ્યું હતું. સદભાગ્યે બંને ઘટનામાં કોઈને ઈજા થવા પામી નથી.

● ગાંધીનગરમાં હાલ લાલ અને પીળી ખજૂરનું વેચાણ મોટા પાયે થઈ રહ્યું છે. જે નગરજનોને ખૂબ પસંદ આવી રહી છે.

## બીબીએના વિદ્યાર્થીઓનું સમર ઈન્ટેનશીપમાં ઉત્કૃષ્ટ દેખાવ માટે બહુમાન

ગાંધીનગર, તા.૧૯

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ગાંધીનગર ની બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન (બીબીએ) નાં વિદ્યાર્થીઓ "સ્વરા ગાઈડ" નો પ્રૉજેક્ટ હાથમાં લઈ ૩૦ દિવસની "સમર ઈન્ટેન્શીપ" તાલીમમાં જોડાયા હતા. આ તાલીમ દરમ્યાન વિદ્યાર્થીઓ ગાંધીનગર સ્થિત વિવિધ કોમર્શિયલ ઝોનમાં જઈ "સ્વરા ગાઈડ" ડિરેક્ટરીની માહિતી આપવાનું કાર્ય કર્યુ હતું.

આ ઈન્ટેન્શીપ દરમ્યાન તેઓમાં અસરકારક પ્રેઝન્ટેશન, અસરકારક કોમ્યુનીકેશન, પ્લાનિંગ કો-ઑર્ડીનેશન, ગોલ ઍચિવમેન્ટ ઍનાલીટિકલ. આઈ.ટી. તેમજ ઓર્ગેનાઈજેશન સ્કિલ્સ, સંચાલન અને વહીવટ શીખવા અનેક સ્કિલ્સનું ડેવલોપમેન્ટ થયું હતું. સ્વર અંબીકા ઈન્ફોપ્રિન્ટ પ્રાઈવેટ લિમિટેડનાં ડિરેક્ટરશ્રી વિજયભાઈ પટેલ કેજેઓ છેલ્લા ૨૦ વર્ષથી સ્વરા ગાઈડ બિઝનેસ ટેલીફોનિક ડિરેક્ટરીનું સંકલન કરી માહિતી પ્રદાન કરે છે તેમણે આ બહુમાન હોટેલ ૫૬ ભોગનાં સહયોગથી હોટેલ ૫૬ ભોગ ખાતે આયોજિત કર્યો હતો. જેમાં બીબીએ કોલેજનાં વિદ્યાર્થીઓને ઈન્ટેન્શીપ સંપૂર્ણ થયાનું સર્ટિફિકેટ અને બહુમાનપત્રક આપવામાં આવ્યા હતા. સ્વર અંબીકા ઈન્ફોપ્રિન્ટ પ્રાઈવેટ



લિમિટેડનાં મેનેજિંગ ડિરેક્ટર શ્રી વિજયભાઈ પટેલે પોતાના વક્તવ્યમાં પોતાનો અભિપ્રાય આપી જણાવ્યું કે બીબીએ કોલેજનાં વિદ્યાર્થીઓએ તેમનો ૩૦ દિવસનો ઈન્ટેનશીપ પ્રોજેક્ટ ૨૦ દિવસમાં સફળતા પૂર્વક સંપુર્ણ મહેનત અને ખંત સાથે સંપુર્ણ કરી અને બાકીનાં દિવસ દરમિયાન એકત્ર કરેલી માહિતીને ગોઠવવા માટેની મદદ પણ સ્વરા ગાઈડને કરી હતી અને સાબિત કર્યુ હતુ કે બીબીએ કોલેજનાં વિદ્યાર્થીઓ મેનેજમેન્ટ ક્ષેત્રની સાથે સાથે આઈ.ટી. ક્ષેત્રનું પણ કૌશલ્ય ધરાવે છે. સ્વર અંબીકા ઈન્ફોપ્રિન્ટ પ્રાઈવેટ લિમિટેડનાં સીઈઓ કેતનભાઈ પટેલે જણાવ્યું કે બીબીએ કોલેજનાં વિદ્યાર્થીઓ દ્વારા સફળતા પુર્વક આ પ્રોજેક્ટનું સમાપન એ સુચવે છે કે કોલેજે વિદ્યાર્થીઓને ખરેખર કલાસરૂમ અભ્યાસની સાથે સાથે કોર્પોરેટ જગત માટે જરુરી પ્રેકટીકલ તાલીમ પણ આપેલ છે. કોલેજનાં આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ સાહેબે જણાવ્યું કે આ ઈન્ટેનશીપ વિદ્યાર્થીઓને આગળ ઘણી રોજગારી ની તકો સર્જશે અને તેના માટે પાયા રૂપ સાબિત થશે. કોલેજનાં પ્લેસમેંટ અને ટ્રેનિંગ કમિટિ નાં હેડ ડૉ. જયેશ તન્ના સાહેબે જણાવ્યું કે આ પ્રોજેક્ટ વિદ્યાર્થીઓને એક સારા કૉર્પોરેટ સિટિઝન બનાવશે અને કૉર્પોરેટ જગતમાં તેના પરિવાર, કૉલેજ અને રાષ્ટ્રનું ગૌરવ વધારશે. ૫૬ ભોગનાં મેનેજેર શ્રી રેશમાબેને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

આ સમગ્ર પ્રોજેક્ટનાં સ્ટુડન્ટ લીડર આશુતોષ અને વિજય ચૌધરીએ જણાવ્યું કે તેઓ ખરા અર્થમાં સંચાલનનાં પાઠ આ પ્રોજેક્ટ દરમિયાન ભણ્યા હતા અને બધા વિદ્યાર્થીઓ વતી શિવાનીએ તેનો અનુભવ અને હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. આ સમગ્ર ઈન્ટેન્શીપ ડ્રાઈવ આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ, ટ્રેનિંગ કમિટિનાં હેડ ડૉ. જયેશ તન્ના, પ્રો. આશિષ ભુવા અને ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવી હતી.

## આદર્શ નિવાસી કન્યા શાળામાં ગૌરીવ્રત સમાપન સમારોહ






ગાંધીનગર, તા.૧૯

આદર્શ નિવાસી શાળા (અ.જા.) કન્યા સેકટર-૮ ખાતે ત્રિ દિવસીય ગૌરી વ્રત સમાપન સમારોહ યોજાયેલ હતો.

મુખ્ય મહેમાન પદે રોટરી કલબ ગાંધીનગરના પ્રમુખશ્રી અરવિંદભાઈ રાણા, ગાંધીનગર જિલ્લા રેન્જના પોસઈ શ્રી ચૌધરી મેડમ, રોટરી કલબ સેક્રેટરી શ્રી અભિરાજ ચૌધરી તથા અન્ય મહાનુભાવોની હાજરીમાં દીપ પ્રાગટય કરાયું હતું.

શાળાના આચાર્ય શ્રીમતી કુસુમબેન ચૌહાણે સ્વાગત કર્યું હતું. સ્વાગત ગીત બહેનોએ રજુ કર્યું હતું. આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાયો હતો. ધો-૧૨ની બહેનોએ દહેજ વિરોધી નાટિકા રજુ કરી હતી. ધો-૯ની રીન્કુ સોલંકીએ ગૌરીવ્રતનું ગીત રજુ કર્યું હતું.

શાળામાં ૧૫ દિવસીય મહિલા સ્વરક્ષણ સમાપન સમારોહ પણ યોજાયો હતો. તથા સમયાંતરે કરાટે દાવની પ્રેકટીસ કરવાનો સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો. ધો-૯ થી ૧૨ની તમામ બાળાઓએ ખૂબ અસરકારક રીતે કરાટે નિદર્શન કર્યું હતું અને વ્યકિતગત પણ કરાટેના દાવ રજૂ કર્યા હતા. જિલ્લા રેન્જના પીએસઆઈ ચૌધરી મેડમે સ્ત્રી શકિતની તાકાત અંગે પ્રોત્સાહિત વાત કરી હતી. આભારવિધિ શાળાના મ.શિ. શ્રીમતી રંજનાબહેને કરી હતી જયારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના મ.શિ. શ્રીમતી અનિતાબહેન પરમારે કર્યું હતું.

## ઈજનેરી શાખામાં પ્રવેશ માટે ગણિતની પરીક્ષા

ગાંધીનગર, તા.૧૯

માર્ચ-૨૦૧૬માં 'બી' ગ્રુપ સાથે વિજ્ઞાન પ્રવાહ ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓને ઈજનેરી શાખામાં પ્રવેશ માટે (પ્રવેશની તક મળે તે હેતુસર) ગણિતની પરીક્ષા આપવા ઈચ્છતા હોય તેઓએ તા. ૨૯મી જુલાઈ સુધી શેઠ સી.એમ. હાઈસ્કુલ એન્ડ હાયર સેકન્ડરી સ્કુલમાં સવારે ૮ થી ૧૧ દરમિયાન સંપર્ક સાધવો. આ પરીક્ષા ઓગષ્ટ ૨૦૧૬ની તા. ૨૭-૨૮ની ઓગષ્ટના રોજ લેવાનાર છે.



ગાંધીનગર સ્થિત દેના ગુજરાત ગ્રામીણ બેંકના નવા વરાયેલા ચેરમેન બી એસ લુથ્રા બેંકના જનરલ મેનેજર રાકેશ ચાલવરીયા, રીઝનલ મેનેજર એચ એલ બેરવા ગાંધીનગર સે-૭ શાખાના મેનેજર કનુભાઈ પટેલ સહીતના બેંક સ્ટાફના સભ્યો દ્વારા બેંકની મુખ્ય ઓફિસના પટાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ.

# ગાંધીનગર-ચિલોડા માર્ગનું યુધ્ધના ધોરણે સમારકામ

## તાજેતરમાં જ પેવર થયેલા માર્ગની પ્રથમ વરસાદે પોલ ખોલી હતી, જર્જરીત બનેલા માર્ગથી વાહનચાલકો ભારે હાલાકી વેઠી રહ્યા છે



ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર-ચિલોડા વચ્ચે દૈનિક અસંખ્ય વાહનોથી ધમધમતો માર્ગ પ્રથમ વરસાદે જ ધોવાઈ ગયો હતો. થોડા સમય પહેલા જ બનાવાયેલા માર્ગના કામમાં ગેરરીતી થઈ હોય તેવું વરસાદની પ્રથમ થપાટમાં જર્જરીત બનેલા માર્ગ ઉપરથી લાગી રહ્યું છે. જે અંગેનો અહેવાલ 'ગાંધીનગર સમાચાર'માં પ્રગટ થતા જ કોન્ટ્રાકટર દ્વારા આ માર્ગનું યુધ્ધના ધોરણે સમારકામ શરૂ કરી દેવાયું છે.

ચોમાસુ શરૂ થયાના થોડા દિવસ પહેલાં જ ગાંધીનગર-ચિલોડા વચ્ચેનો ચાર માર્ગીય ત્વરીત કક્ષાએ પેવર કરી દેવાયો હતો. જે તે સમયે પસાર થતા વાહનચાલકોમાં કામની ગુણવત્તા બાબતે નારાજગી જોવા મળતી જ હતી. જે પ્રથમ વરસાદે ખુલીને બહાર આવી હતી. પ્રથમ વરસાદના પાણીએ આ ચાર માર્ગીય સુંદર દેખાતો માર્ગ બેડોળ બની અડચણરૂપ બની ગયો હતો. તેમજ તંત્ર એ કરેલા કામની પોલ ખોલી નાંખી હતી.

અખબારી સમાચારના પડઘા સ્વરૂપ તંત્ર એ તાત્કાલીક યુધ્ધના ધોરણે આ માર્ગનું સમારકામ હાથ ધરી દીધું છે. આ માર્ગ ઉપર દૈનિક અસંખ્ય વાહનોની અવરજવર રહે છે. જેમાં ભારવાહક ટ્રકો સહિત લશ્કરી દળોના વાહનોની પણ વધારે અવરજવર હોય છે. નાની કાર, ટુ વ્હીલર સહિતના વાહનો આ જર્જરીત માર્ગથી ખોટકાઈ જવાના પણ બનાવો બન્યા છે. નિમ્નકક્ષાના કામ દફતરે નોંધાવી મસમોટી ગ્રાન્ટ ઓહીયા કરી જતા કોન્ટ્રાકટર વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહીની પણ માંગ ઉઠવા પામી છે.

### ચિરવિદાય

● સ્વ. વિક્રમજી પોપટજી ઠાકોર, ઉ.વ.૭૫